# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

લોકપાલ ખોખલો કરી, કામ બદલી નાખો!
મહત્ત્વ મત વિસ્તારનું, ધામ બદલી નાખો!
લઇ લ્યો હાથ આયોજન, નામ બદલી નાખો!
થઇ જાય હેતુ સિદ્ધ તો, રામ બદલી નાખો!
(યુ ટર્ન)

## હાઈકુ

હવે તો પાક!
સહનશક્તિ ની યે
ઓળંગે સીમા..

નિવેદનીયાઓ!!
બાંધ્યા છે હાથ કોણે ?
શસ્ત્રો ઉપાડો..!

## ચિંતન

**રાજપત્ની ગુરોઃ પત્ની ભ્રાતૃપત્ની તથૈવ ચ । પત્ની માતા સ્વમાતા ચ પંચૈતા માતરઃ સ્મૃતાઃ ॥**

'રાજાની પત્ની, ગુરુની પત્ની, અને ભાઇની પત્ની, પત્નીની માતા (સાસુ) આ પાંચેય માતાઓને માતા સમાન જ કહેવામાં આવી છે અર્થાત માતાઓ જ છે.'

રાજા પ્રજા વત્સલ પિતા કહેવાય. પ્રજા તેનાં બાળક કહેવાય અને રાજાની પત્ની રાજમાતા કહેવાય. પ્રજા રાજાને બાળક જેમ વહાલી હોવી જોઇએ. તેના પર અશ્રુવાયુ-લાઠીચાર્જ-ગોળીબાર ન થાય. આજે 'શારદાબેન' ભારતના 'રાજમાતા' કહેવાય.

ગુરુ-શિક્ષક પણ પોતાના શિષ્યને પોતાના પુત્રવત્ વાત્સલ્ય - પ્રેમ આપે છે તેથી પિતા સમાન જ કહેવાય. અને ગુરુ પત્ની એ રીતે 'માતા' જ કહેવામાં આવી છે.

ભાઇની પત્ની પણ માતા સમાન જ કહેવામાં આવી છે.

પત્નીની માતા (સાસુ) એ પુત્રીના પતિને પુત્રથી પણ વિશેષ માને છે પુત્રીનો સોહાગ છે તેથી પુત્ર જ કહેવાય આમ સાસુને પણ માતા સમાન માનવામાં આવે છે.

## સુવિચાર

- આપણે સવારે ઉઠીએ ત્યારે ઘરનાં સભ્યોનાં નામ યાદ કરવા મથવું પડે તો ભક્તિ રંગ પકડી રહી છે એમ માનવું - **એસ. ભટ્ટાચાર્ય**
- જયારે તમે બીજાને કશું પણ આપો છો એ ભગવાને તમને આપેલાં ભરપૂર નો સાવ નાનકડો હિસ્સો છે - **ઠક્કરબાપા**
- માણસ લાકડાની ખુરશી પર બેસી વૃક્ષપ્રેમની કવિતા ભણાવી શકે છે, પણ એક વૃક્ષ ઉગાડવાની ક્રિયા તેને ઝંઝટ લાગે છે, માણસને વૃક્ષમાં રસ-આનંદ નથી. ફર્નિચરમાં છે, આ પરિસ્થિતિ માણસનું અશાંત મન સર્જે છે - **કાન્તિ ભટ્ટ**
- જે માણસ કેવળ શુદ્ધ વર્તમાનમાં જીવે છે તેની પ્રત્યેક પળ સમાધિ છે - **માનસસૂત્ર**
- અતિ સુખમાં કે અતિ દુ:ખમાં હસવાનું બને ત્યારે જીવન નામની ઋતુને વસંત બેસે છે - **ધૂની માંડલિયા**
- ભગવાને તો જન્મ વખતે આપણી ભીંતર ટહુકાની સાહ્યબી આપી હતી, પણ વધ વધતાં આપણે કોયલના એ ટહુકા વેચી વેચી કાગડાની કાકા ખરીદતા ગયા - **દાદા ભગવાન**
- કુદરતના તાલમાં વિક્ષપ ન પડે એમ આપણે તાલ મેળવવાનો પુરુષાર્થ એનું નામ સાચી પ્રાર્થના - **ફાધર વાલેસ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

કેટલાંક લોકો નાની એવી મુશ્કેલી આવે કે હાંફળાં ફાંફળા થઇ પોતે તો અશાંત થાય એમની આસપાસનાં લોકોને પણ ગભરાવી - ચિંતામાં નાખી દે.

લેકચર આપવા એક પ્રોફેસરને ન્યૂયોર્કથી એટલાન્ટા વિમાનમાં જવાનું હતું. સાંજે ફ્લાઇટ હતી. સવારે લેકચર આપવાનું હતું. આવ-જાનો ખર્ચ અને પુરસ્કાર મળવાનો હતો.

વિમાન મથકે પહોંચ્યા. ખરાબ હવામાન ને કારણે ફ્લાઇટ અનિશ્ચિત હતી. પ્રોફેસર-અધીરા અને અશાંત હતા. વારંવાર એરપોર્ટ ઓથોરિટીના યુવાન અધિકારીને પોતાની તમામ મુશ્કેલી વર્ણવી ફ્લાઇટ કયારે જશે એમ દર પંદર મિનિટે પૂછવા આવવા લાગ્યા.

યુવાન અધિકારી, ઠંડે કલેજે, શાંત ચિત્તે દરવખતે જવાબ આપતો હતો. 'વાતાવરણ સુધરશે કે તરત ફ્લાઇટ ઉપડશે.' પાંચ વખત ધીરજપૂર્વક જવાબ આપ્યા.

ત્યાં થોડી વારમાં જ જાહેરાત થઇ. 'એટલાન્ટા જનારા પ્રવાસીઓ - બોર્ડીંગ પાસ મેળવી લે.'

પ્રોફેસરે બોર્ડીંગ પાસ લીધો. ત્યારે પેલો એરપોર્ટનો અધિકારી પ્રોફેસર પાસે આવ્યો અને સ્મિત સાથે ધીમેકથી કહ્યું, 'આઇ વીલ મીસ યુ' પ્રોફેશર ને તેનું કારણ તો ન સમજાયું પણ એના ઠરેલ સ્વભાવ માટે માન જરૂર ઉપજ્યું...

Email - sureshchandrabhatt18@gmail.com

# જેનામાં જગતને અજવાળવાની અગણિત અને અસીમ સંભાવનાઓ છુપાયેલી છે તે બાળક મનુષ્યની પ્રથમ યુનિવર્સિટી છે

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

માનવ જીવનનો ઉષ:કાળ... સુર્યોદળ એ જીવનનો અતિ મહત્ત્વપૂર્ણ તબક્કો છે. ઉગતા સૂરજના રંગો, એની લાલિમા જેમ આપણી આંખો, મન અને હૃદયને દિવ્યતાથી ભરી દે છે. તેમ શૈશવવસ્થા, બાળપણ પરિવારને હર્યોભર્યો બનાવી દે છે. માતાપિતાનો ખાલિપો, હજાર જાતની ચિંતાઓ અને વ્યગ્રતાઓ નિર્દોષ બાળકના મુખારવિંદને જોતાં જ દૂર થઇ જાય છે.

બાળક નાનું હોય ત્યારે કેવું નિર્દોષ હોય છે એને રમાડવાનું મન થાય છે. એની સાથે રમવાનું મન થાય છે. એનો સંગ જીવનમાં રંગ ભરી દે છે. એની મસ્તી આપણી સુસ્તી ઉડાડી દે છે. એના આનંદમાં આપણને પરમાનંદ અનુભવાય છે. ત્યારે ઉપરોક્ત કથનની સાથે એક વિચાર આ પણ વ્યકત થયો છે.

'પ્રકૃતિ રાણી વસંતે નવજાત ફૂલોને ફેક્સ કર્યો. ફેક્સ ઉતર્યો બાળકોની આંખોમાં, ફેક્સ વંચાયો બાળકોના ચહેરા પર, બાગ બચીચા ખીલી ઊઠ્યા અને બાળ પુષ્પો ઝૂમી ઉઠ્યા.'

રૂસો કહે છે કે, 'પ્રકૃતિ સૌથી મોટો શિક્ષક છે.' પણ આપણે તો બાળકોને પ્રકૃતિથી દૂર વર્ગખંડની ચાર દિવાલોમાં કેદ પૂર્યા. પ્રકૃતિની વચ્ચે રહી પ્રકૃતિનું અને પ્રકૃતિ વિષેનું શિક્ષણ આપતાં મને પણ ઘણી વખત આ વાતનો અહેસા થયો છે. ડો. કૌશિખ મહેતા કહે છે કે 'ટીવી સામે, વીડિયો ગેમ સામે, નર્સરીના વાડામાં કે ફક્ત લેસન ડાયરીઓનાં લીટાઓમાં વેડફાતું બાળપણ બચાવી લો.' આઇનસ્ટાઇનને એક બહુ સરસ વાત કરી છે. 'બાળકને જીવન અને જગતની સુંદરતા સમજવા અને માણવાની કેળવણી પણ મળવી જોઇએ. માત્ર ટેકનિકલ તાલીમ પામેલો માનવી તો કેળવાયેલા કુતરા બરાબર જ રહેશે.' બાળકોનો પ્રકૃતિ સાથેનો લગાવ પ્રકૃતિદત્ત હોય છે. પ્રત્યક્ષીકરણનો પૂર્ણ વિકલ્પ અન્ય કોઇ હોઇ શકે નહિ. પણ આપણે બાળકને પ્રકૃતિથી દૂર રાખીએ છીએ ને પરિણામે વિકૃતિઓનું સર્જન કરીએ છીએ.




દરેક માતાપિતા પોતાના બાળકને શ્રેષ્ટ બનાવવા ઇચ્છે છે. એને જીવનના દરેક તબક્કે સફળતા મળે એવું ઇચ્છે છે. પરંતુ શ્રેષ્ટત્વનું નિર્માણ એ જેવી તેવી બાબત નથી.એ એ એક પ્રકારની સાધના છે. માતા પિતાના મનોબળ અને ધીરજની કસોટી છે. કારણ કે બાળક મનુષ્યની પ્રથમ યુનિવર્સિટી છે.

બાળક વિષે ઉપરોક્ત પ્રકાશ પાડનાર વ્યક્તિ એક એવા લેખક છે. જેણે બાળ વિશ્વને સમજવાનો પ્રયત્ન કર્યો છે. પ્રત્યેક બાળકના વિકાસની અસીમ અનંત સંભાવનાઓને તે જોઇ શક્યા છે અને તેને સાકાર કરવા બાળ વિશ્વ વિદ્યાલયના માધ્યમથી તેઓ પ્રતિબધ છે. એવું આ પુસ્તકમાંથી પસાર થતાં લાગ્યા વિના રહેતું નથી.

હાં, હું તમને 'મનુષ્યની પ્રથમ યુનિવર્સિટી : બાળક' એ પુસ્તકની વાત કરવા માંગુ છું. પુસ્તકની પ્રસ્તાવનામાં જ ચોખવટ કરી છે કે આ પુસ્તક ગર્ભસ્થ શિશુ (અજન્મા બાળક)ના શિક્ષણથી લઇને બાળક પુખ્યવતનું બને એટલે કે અઢાર વર્ષનું થાય ત્યાં સુધીના તેના સર્વાંગી વિકાસ માટે સ્થપાયેલી, આ પ્રકારની વિશ્વની પ્રથમ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં બાળદેવોની આરાધના માટે માતાપિતા તથા પરિવારજનોને ઉત્તમ સામગ્રી પુરુ પાડતું એક અનોખું પુસ્તક છે.

આ પુસ્તકમાં સમાવાયેલા કુલ-૨૪ લેખો એ બીજી ઇતર માહિતી સહિત છવ્વીસ પ્રકરણો છે.

આ પુસ્તકમાં સમાવવામાં આવેલ લેખો ત્રણ વિભાગમાં વહેંચવામં આવ્યા છે. પ્રથમ વિભાગના લેખો બાળકોને સીધા સ્પર્શે છે. જેમાં બાળકોનું સ્વરૂપ, તેમની રંગીન કલ્પનાઓ, અપાર જિજ્ઞાસાઓ, અદ્ભૂત વિસ્મય, અનોખી મસ્તી, સ્વયંભૂ રમતો અને વિશાળ ભાવજગત આ બધું આલેખાયું છે. બાળકોના વ્યવહાર અને વર્તનને નજીકથી જોવાની અને સમજવાની દૃષ્ટિથી બાળકને ખીલવવા માટે શું કરવું જોઇએ તેની સ્પષ્ટ સમજ આપતા આ લેખો ખૂબ જ મનનીય છે.

બીજો વિભાગ માતાપિતા અને પરિવારને સ્પર્શે છે. માતાપિતા તથા પરિવારજનોને બાળકનું પાલન પોષણ, સંવર્ધન અને સંસ્કાર ઘડતર કરવા માટે તથા ઉત્તમ મનુષ્યના નિર્માણ માટેનું પ્રત્યક્ષ માર્ગદર્શન અહીં અપાયું છે. જેના દ્વારા બાળક રૂપી મૂડીનું જતન અને સંવર્ધન કેવી રીતે કરવું જોઇએ, સંસ્કારનું વાવેતર કેવી રીતે કરવું જોઇએ કે જેનાં શ્રેષ્ઠ અને મધુર રૂપો ભવિષ્યમાં મેળવી શકાય એનું સચોટ માર્ગદર્શન અહીં અપાયું છે.

ત્રીજો વિકલ્પ શિક્ષણને સીધા સ્પર્શતા લેખોને આવરી લે છે. જેમાં બાળ વિશ્વવિદ્યાલયનો પરિવાર પણ આવી જાય છે. આમ તો આ સમગ્ર પુસ્તક બાળકોનાં 'સર્વાંગી શિક્ષણ'ના વિષય વસ્તુને કેન્દ્રમાં રાખીને આલેખાયું છે છતાં ૩૬૦¯ સર્વતોમુખી શિક્ષણ, બાળકોના દ્વિપરિમાણીય વિકાસ વગેરે લેખો શિક્ષણને સીધા સ્પર્શતા લેખો છે.

આ પુસ્તક વિષે પ્રસ્તાવનામાં જયોતિબેન થાનકી સાચું જ કહે છે કે, 'સરળ ભાષા, રસપ્રદ શૈલી, વિષય વસ્તુને અનુરૂપ દૃષ્ટાંતો તથા વિદ્વાનો અને ચિંતકોના જ્ઞાનના નિચોડરૂપ વાક્યોનાં અવતરણોથી આ પુસ્તક શિક્ષણ જેવા ગંભીર વિષયના ચિંતનનો વ્યક્ત કરતું હોવા છતાં દુર્બોધ ન બનતાં આસ્વાદ્ય બન્યું છે.'

'મનુષ્યની પ્રથમ યુનિવર્સિટી : બાળક' પુસ્તકના લેખક હર્ષદભાઇ પ્રભુદાસ શાહ, અમદાવાદ જીલ્લાના વિરમગામના વનતી છે. તેમનો જન્મ ભાવનગર ખાતે તા. ૩૧-૧-૧૯૫૧ ના રોજ થયો હતો. બી.એસ.સી. સુધીનો અભ્યાસ ધરાવનાર લેખક અગાઉ વિદ્યાભારતીના ઉદ્યાધ્યક્ષ, પશ્ચિમ ક્ષેત્ર, પ્રમુખ, 'સરફરોશી પુસ્તક શ્રેણી' પ્રકલ્પ ગુ.ફ્રા. અને બારડોલી ખાતે હિરો હોન્ડાના ડિબરના પ્રવૃત્તિ બાદ હાલમાં ૧૬ જાન્યુઆરી ૨૦૧૨થી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિનો કાર્યભાર સંભાળી રહ્યા છે. 'ગુજરાત રાજય ગ્રંથાલય સમિતિ' અંતર્ગત રાજા રામ મોહનરાય લાઇબ્રેરી ફાઉન્ડેશનમાં પુસ્તક પસંદગી સમિતિના સદસ્ય અને કમિશનર ઓફ સ્કુલ્સ' અંતર્ગત પુસ્તક પસંદગી સમિતિના સદસ્ય તેમજ 'ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડ'ની શિક્ષણ સમિતિના સદસ્ય તરીકેનું દાયિત્વ સંભાળી રહ્યાં છે. તેમણે ૨૦૦૦ થી ૨૦૦૬ સુધી 'વિદ્યા ભારતી' ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે અને ગુજરાતના સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૦-૧૧માં વાંચે ગુજરાત અભિયાનના રાજયના સહ-ઉપાધ્યક્ષ તરીકે કામ કર્યું છે.

તેમના રૂચિના વિષયો મુખ્યત્વે સંગીત, રાષ્ટ્રભક્તિનાં ગીતોનું સર્જન અને ગાન, બાળકોનો સર્વાંગી વિકાસ, રાષ્ટ્ર ચેતના જાગરણ અને સમાજ પ્રબોધન તેમજ કવિતા, નિબંધ અને ચિંતનાત્મક સાહિત્યનું સર્જન છે. તેમાં તેમણે વિચારયાત્રા, ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે અને રાષ્ટ્ર ચેતના જેવા પુસ્તકોનું આલેખન કર્યું છે તો શિક્ષણ ક્ષેત્રે પણ શિક્ષણ ચેતના, ગ્રામ્ય જીવનના પ્રગતિ પંથે, શૈશવનું સ્મિત, શિક્ષણનું મેઘધનુષ, અને માતૃભાષા ગૌરવને પ્રદર્શીત કરતાં આપણને કોણ જોઇએ - મેકોલ પુત્ર કે મહર્ષિ પુત્ર? તેમજ માતૃભાષા અને અંગ્રેજી - શું પહેલા શું પછી? જેવાં મહત્ત્વપૂર્ણ પ્રકાશનો આપ્યા છે. તેમનાં બે ઐતિહાસિક વિષયનાં પુસ્તકો પણ છે. અખંડ ભારત સમર્થ ભારત, અને ૧૮૫૭ના મહાસમરના ક્રાંતિવીરો. આ ઉપરાંત હર્ષદભાઇએ 'પ્રેરણા પુંજ શ્રી ગુરુજી' નું ચરિત્ર લેખન પણ કર્યું છે.

'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' ની વેબસાઇટ www.cugujarat.ac.in પર કુલપતિ સ્થાનેથી લખાયેલા ૬૨ જેટલા પાત્રોમાંથી પસંદગીની પત્રો લેખ સ્વરૂપે આપણને અહીં મળે છે. આ પુસ્તક ખરેખર ગુજરાતના બાળકોના ઘડતર માટે માતાપિતા માટે આશીર્વાદ રૂપ બને તેવું છે. ગુજરાતની ઉત્તમ ભાવિ પેઢીના નિર્માણમાં તે ઘણું ઉપયોગી થાય અને હર્ષદભાઇની કલમે આવાં જ અનેક પ્રેરણાદાયી પુસ્તકોનું સર્જન થતું રહે એવી અભ્યર્થના સહ તેમને આજે તેમના જન્મદિવસની આગોતરી શુભેચ્છાઓ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

**મનુષ્યની પ્રથમ યુનિવર્સિટી : બાળક**
**લેખક : હર્ષદ પ્ર. શાહ**
**પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, કિંમત - રૂા. ૧૨૫/-**
**પ્રથમ આવૃત્તિ - સપ્ટેમ્બર ૨૦૧૪**

# પુરુષોની સામે સ્ત્રીઓના અલ્પ પ્રમાણનું મોટામાં મોટું કારણ એ છે કે ઘણી દીકરીઓને જન્મવા જ દેવામાં આવતી નથી! તબીબી વિજ્ઞાને વીસમી સદીના સાઠના દાયકામાં એવી શોધ કરી કે ગર્ભસ્થ શિશુની પણ જાતિ જાણી શકાય

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

ગુજરાતનું અલગ રાજય ૧૯૬૦માં રચાયા પછી મે, ૨૦૧૪માં પહેલીવાર એક મહિલાને મુખ્ય પ્રધાનનું પદ સાંપડ્યું હતું. સ્ત્રી એક તરફ દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહી છે, તો બીજી તરફ દેશમાં એવા ઘણાં રાજયો છે જયાં બાળકીઓની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે.

ભારત દેશ ૧૯૪૭માં અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થયો, એ પછી લગભગ સાત દાયકા વીતી ચૂક્યા છે. ત્યારે ગુજરાતમાં બાળકીઓની સ્થિતિ શી છે?

દેશની ઘણી મુસીબતો માટે જેના પર દોષનો ટોપલો ઢોળવાનો કેટલાક લોકોનો ઇજારો છે તે મુઘલોના શાસનને સમાપ્ત થયાને ત્રણેક શતક વીતી ચૂક્યા છે. ત્યારે ગુજરાતમાં બાળકીઓની સ્થિતિ શી છે?

ખૂબ ધાર્મિક પરિભાષામાં વાતો કરવાની જેમને આદત છે એવા ભાઇઓના ગુજરાત રાજયમાં શાસન શરૂ થયાને બે દાયકા વીતી ચૂક્યા છે. ત્યારે ગુજરાતમાં બાળકીઓની સ્થિતિ શી છે?

ગુજરાતમાં બાલિકાઓની સ્થિતિ વિશે વિચારતાં સૌપ્રથમ ધ્યાન અહીંના સ્ત્રી-પુરુષ પ્રમાણમાં રહેલી અસમાનતા ભણી જાય છે. ૨૦૧૧ની વસતી ગણતરી અગાઉ સ્ત્રી-પુરુષ પ્રમાણ હજાર પુરુષદીઠ ૯૦૦ થી કમ સ્ત્રીઓનું હતું. ઘણા પ્રયત્નો અને ઘણાં પ્રચાર પછી ૨૦૧૧માં એ પ્રમાણ હજાર પુરૂષો દીઠ ૯૧૪નું થયું છે. આ આંકડો સાવ આખરી નથી. અમે એક જ સંસ્થાની એક જ પુસ્તિકામાં સ્ત્રીઓનો આંકડો ૯૧૮ જોયો. ખૂબ જ અવિકસિત અને ગરીબ આપણા દેશમાં, જયાં કરોડો લોકોનું કોઇ નિશ્ચિત કે કાયમી નિવાસસ્થાન ન હોય, ત્યાં સાવ ચોક્કસ આંકડા મળવાનું મુશ્કેલ જ નહીં, આશરે સવા છ કરોડની વસતીવાળા આ રાજયમાં આશરે પાંચ લાખ પુરુષોએ ફરજિયાત કુંવારા રહેવું પડે!

અમે નાના હતા અને ભોળા હતા ત્યારે રૂપાળી કલ્પના કરેલી કે નર સંતાનો કરતાં નારી સંતાનો કમ હોય તેથી નારીનાં મૂલ્ય વધશે! હમણાં છોકરીના બાપે છોકરાના બાપને દહેજ આપવું પડે તેવી સ્થિતિ છે. એને બદલે છોકરીના બાપને દહેજ મળશે! દીકરીના માન વધશે. સ્ત્રીનો દરજ્જો વધશે. સ્ત્રી સમાજ પાસેથી અને રાજય પાસેથી વિશેષ અધિકારો માણી શકશે, વગેરે...

હવે તો અસંખ્ય સ્ત્રીઓએ 'ભૂખ્યા' વરુઓથી બચવાની સ્થિતિ આવી છે. ગુજરાતમાં ૨૦૧૨માં સ્ત્રીઓ પરના બળત્કારના ૪૭૩ કિસ્સા નોંધાયા હતા. ૨૦૧૩માં ૭૩૨ નોંધાયા! એટલે કે એક જ વર્ષમાં બળત્કારના કિસ્સામાં લગભગ ૯૦ ટકાનો વધારો થયો! લગભગ બમણાં! અને આ તો નોંધાયેલા કિસ્સા છે. અસંખ્ય સામાજિક આર્થિક કારણોસર ન નોંધાયેલા કિસ્સાઓની તો કલ્પના જ કરવી રહી.

બળાત્કારનું એક પાસું સેક્સ તરસ્યા પુરુષો દ્વારા વધુ ને વધુ નાની બાળકીઓ પરના બળાત્કારનું છે. ૨૦૧૩ના ૭૩૨ નોંધાયેલા કિસ્સાઓમાં ૧૦૧ બાળકીઓ ૦ થી ૧૪ વર્ષની હતી. હમણાં પણ અખબારોમાં ત્રણ કે ચાર વર્ષની બાળકીઓ પરનાં બળાત્કારના કિસ્સા વાંચવા મળે છે. બળાત્કારના કિસ્સા વાંચવા મળે છે. આ પ્રકારના તમામ કિસ્સાઓ માટે પુરુષોના પ્રમાણમાં અલ્પ સ્ત્રીઓનું કારણ છે.

આ બાબતે જ નહીં, ગુનાખોરીના એકંદર કિસ્સા જેવા કે છેડતી, મશ્કરી, ખેંચતાણ, મારઝૂડ, ખૂન વગેરેમાં પણ ગત એકાદ દાયકામાં લગભગ બમણો વધારો થયો છે.

પુરુષોની સામે સ્ત્રીઓના અલ્પ પ્રમાણનું મોટામાં મોટું કારણ એ છે કે ઘણી દીકરીઓને જન્મવા જ દેવામાં આવતી નથી! તબીબી વિજ્ઞાને વીસમી સદીના સાઠના દાયકામાં એવી શોધ કરી કે ગર્ભસ્થ શિશુની પણ જાતિ જાણી શકાય.

કેટલીક દીકરીઓને 'સંસ્કારી' અને ધાર્મિષ્ઠ ગુજરાતીઓ જન્મતાં અગાઉ જ મારી નાખે છે અને જેમને જન્મવા દેવામાં આવે છે એમાંથી પણ ઘણીખરીની સામે અન્યાયી વ્યવહાર કરવામાં આવે છે. તમને 'દીકરો-દીકરી એક સમાન' લખેલાં પાટિયા તો ઠેર ઠેર જોવા મળશે, પરંતુ શું ઘરમાં કે શાળામાં, સામાજિક જીવનમાં, આગળ જતાં રાજકારણમાં, છોકરીઓને ગૌણ નાગરિક, સેકન્ડ કલાસ સિટીઝન જ ગણવામાં આવે છે. છોકરી તરફ પૂર્વગ્રહ જ રાખવામાં આવે છે.

બાળકીઓ સામેના અન્યાયનું એક ક્ષેત્ર શિક્ષણ છે. એક સમયે માન્યતા હતી. કે છોકરીઓને ભણાવાય જ નહીં. ભણવાથી છોકરીઓ વંઠી જાય. ત્યાંથી માંડીને આજે આપણે એ સ્થિતિએ પહોંચ્યા છીએ કે સૌએ સો ટકા બાળકીઓને શાળામાં દાખલ કરીએ છીએ પણ... પણ પછી છોકરા-છોકરીઓની કેટલીય સંખ્યા શાળા છોડી છે એ માટે પરિવારની ગરીબી, પરિવારના વસવાટની અસ્થિરતા વગેરે જવાબદાર છે. ઘણીવાર તો શાળામાં બાળકીઓ માટે કુદરતી હાજતો માટેની અલગ જગાઓ જ હોવાથી બાળકીઓ ભણતર છોડી દેવા મજબૂર બને છે. એક અંદાજ મુજબ છોકરાઓ કરતાં છોકરીઓનું શાળા છોડવાનું પ્રમાણ ૬.૬ ટકા વધારે છે.

ગુજરાતમાં બાળકીઓની બદહાલતનું એક પાસું બાળગ્ન છે. કાયદામાં બાળકોનાં લગ્ન માટેની લઘુતમ વય ૧૮ વર્ષ નક્કી કરવામાં આવી છે. પરંતુ 'દીકરીનો ભાર' જલલી જલદી ઉતારી નાખવા માગતા વડીલો નાની દીકરીઓનાં લગ્ન કરી નાખે છે.

ગુજરાતમાં અનેક એવી જ્ઞાતિઓ છે જે બાળલગ્નો યોજે છે. એ જ્ઞાતિઓ એવી બળુકી છે કે એમનાં બાળલગ્નોની ફરિયાદ પણ નહીં થતી હોય અને શાસન દ્વારા પગલાં પણ લેવાતાં નહીં હોય. આ બધુ જાગૃત નાગરિકોએ વિચરવાનું છે.

# નિર્દોષ વ્યકિત જ નિખાલસ રહી શકે

## રોહિતોપદેશ

- રોહિત શાહ

સંસારમાં સૌથી સહેલું કામ છે પોતાની જાતનું મૂલ્યાંકન કરવાનું, કારણ કે એ કામ કરવા માટે ઉધારના આધારો કે ઉછીના જ્ઞાનની જરૂર પડતી નથી. જે કાંઈ છે એ સ્પષ્ટ છે. આપણને જગતનું જ્ઞાન ન હોય એ પોસિબલ છે, પણ પોતાની જાતથી આપણે અજ્ઞાત શી રીતે હોઈ શકીએ? આપણું મૂલ્યાંકન કરતી વખતે બીજા લોકો ગેરસમજ કરી બેસે, પણ આપણે તો આપણી જાતને ઓળખતા જ હોઈએ ને!

ટ્રેજેડી એ છે કે સંસારનું જે સૌથી સહેલું કામ છે એને આપણે સૌથી અઘરૂં કામ કરી મૂકયું છે. આપણી જાતનું મૂલ્યાંકન આપણે કેવા છીએના આધારે કરવાને બદલે આપણે આપણી જાતનું મૂલ્યાંકન દુનિયા સામે આપણે કેવા દેખાવું છે. એના આધારે કરીએ છીએ. આને કારણે ત્રાજવાની દાંડી ઉંચી-નીચી થઈ જાય છે. સત્ય ફંગોળાઈ જાય છે અને જૂઠાણાં જડબેસલાક બેસી જાય છે.

માણસે વસ્ત્રો પહેરવાનું શરૂ કર્યું ત્યારથી તેણે દંભ અને ઢોંગ કરવાના શ્રીગણેશ કરી દીધા છે. લાજ-મર્યાદાના રૂપાળા લેબલ હેઠળ કશુંક છુપાવવાની તેની વૃત્તિ અને વિકૃત્તિ પાંગરતી રહી છે. ડરપોક માણસ પોતાને નીડર પુરવાર કરવા પ્રયત્ન કરે છે અને કાયર વ્યકિત પોતાને બહાદુર બતાવવા મથે છે. ગરીબ માણસ પોતાને શ્રીમંત બતાવવાની મથામણ કરે છે અને દુર્જન વ્યકિત પોતાને સજજન પુરવાર કરવાના ઉધામા કરે છે. કોઈના પ્રત્યે શત્રુતા કે કટુતા હોય તો એ ખુલ્લી ન પડી જાય એ માટે યુકિત-પ્રયુકિતઓ કરે છે. ક્રૂર વ્યકિત પોતાને કરૂણામૂર્તિ બતાવે છે અને કંજૂસ વ્યકિત પોતાને ઉદાર બતાવે છે. આજ્ઞાની માણસ પોતાને ચારિત્યવાન બતાવવાનં ત્રાગાં કરે છે. આટકલેથી જ વાત અટકતી નથી. કયારેક તો વ્યકિત પોતાના પ્રેમને પણ છુપાવી રાખે છે. કોઈકને ચાહતો હોવા છતાં પોતાની સંવેદનાને એ ટહુકવા દેતો નથી.

તમે એક વાત માર્ક કરી હશે કે જગતમાં એકમાત્ર માનવી જ એવો છે જેણે ઢોંગ-આડંબર કરવા પડે છે. સિંહ કદી અહિંસક હોવાનો દાવો કરતો નથી. વાંદરો કદી શાંત અને નિરૂપદ્રવી હોવાનો આડંબર કરતો નથી. ભૂંડ કદી ગંદકી પ્રત્યે તિરસ્કાર બતાવતું નથી. સસલું કદી બહાદુર હોવાનો ઢોંગ કરતું નથી. શિયાળ અને કાગડાને આપણે લુચ્ચાં કહીએ છીએ, પરંતુ એ પોતે કદીયે સજજન હોવાનાં જુઠાણાં ફેલાવતો નથી. ગધેડાને કદીયે ભૂંકવાથી પોતાની કદીયે ભૂંકવાથી પોતાની પ્રતિષ્ઠા જોખમાવાનો ભય પજવતો નથી. અનેક ફુલો પાસે જઈને રસ માણતું પતંગિયું કદીયે ચારિત્યવાન હોવાનું ધતિંગ કરતું નથી અને આખલો કદી બ્રહ્મચારી હોવાનું કોઈને કહેતો નથી. સરળતા અને સહજતાના ત્રાજવે તમામ જીવો પોતાની જાતને તોલે છે-મૂલવે છે.

ખરો સવાલ એ છે કે કામ તમામ જીવો માટે અત્યંત આસાન છે એ કામ માણસ માટે એમ અઘરું બની ગયું છે?

માણસ પ્રયત્નશીલ છે, વિચારવંત છે, તોય તે કેમ નિખાલસ નથી રહી શકતો?

સાચી વાત અટલી જ છે કે નિખાલસતા તો નિર્દોષતાની આજ્ઞાંકિતા છે. જે વ્યકિત નિર્દોષ હોય તેને જ નિખાલસ રહેવાનું પરવડે. આપણે શા માટે કશુંય છુપાવવું પડે? આપણે એવું માની લીધું છે કે સ્વાર્થ બૂરી બાબત છે. ક્રોધ અને મોહ ખરાબ છે. વિજાતીય આકર્ષણ એ પાપ છે અને સુખ ભોગવવું એ તુચ્છ કાર્ય છે. જે સહજ છે એ શી રીતે ખરાબ હોઈ શકે? સ્વાર્થ ન હોય તો માણસે આટલો વિકાસ ન કર્યો હોત. ક્રોધ અને મોહ તો આપણે જીવતા છીએ એનો પુરાવો છે. પથ્થરને ક્રોધ-મોહ ન હોય, માણસને તો હોય જ ને! વિજાતીય આકર્ષણ ન હોત તો આ સંસાર પણ ન હોત અને શ્રૃંગારરસનાં કાવ્યો પણ ન હોત. કુદરતે માત્ર તડકો જ નથી આપ્યો, વૃક્ષોની શીતળ છાયા પણ આપી છે. પ્રકૃતિએ માત્ર ભૂખ અને તરસ નથી. આપ્યાં, ભોજન અને પાણી પણ આપ્યાં જ છે. બીજાને કષ્ટ આપ્યા વગર પોતાનું સુખ ભોગવી જ શકાય. એમાં ઉમેરો કરીને કહી શકાય કે જાતે કષ્ટ વેઠીનેય બીજાને સુખ આપવાથી આપણને વિશેષ સુખનો સાક્ષાત્કાર થાય છે.

માણસ પળે-પળે પોતાની જાતને મુલવતો રહે, જાતને ત્રાજવે પોતાને તોલતો રહે તો પછી તેણે કોઈ કથા સપ્તાહોમાં ફિલ્ડીંગ ભરવાની જરૂર ન રહે. બહારની જાત્રાઓ ગમે તેટલી કરીએ, પણ ભીતરની જાત્રા ચુકી જઈએ તો સમજવવું કે ભવનો ફેરો ફોગટ ગયો. એક વખત સરળતાનો સ્વાદ ચાખ્યા પછી આડંબર જાતને તોલવા તલપાપડ રહીએ છીએ એટલે દંભ અને ઢોંગ કરવા પડે છે. એક વખત જાતને ત્રાજવે આપણી જાતને જોખવાનું આવડી જાય તો નો પ્રોબ્લેમ.